# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અધિક જેઠ સુદ - ૦૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર



સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦



**આજનો સુવિચાર**

પરીપક્વતા એ નથી કે તમે મોટી મોટી વાતો કરો, પરીપક્વતા એ છે કે તમે નાનામાં નાની વાત સમજો!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૭૦ ● તારીખઃ ૨૧.૦૫.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## રોમના ઐતિહાસિક કોલોસિયમમાં પીએમ મોદી અને જ્યોર્જિયા મેલોનીની મુલાકાત



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મંગળવારે સાંજે ઇટાલીની રાજધાની રોમ ખાતે પહોંચ્યા હતા, જ્યાં તેમનું ભવ્ય અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વૈશ્વિક મુલાકાત દરમિયાન ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પીએમ મોદી સાથે રોમના ઐતિહાસિક કોલોસિયમની પૃષ્ઠભૂમિમાં લીધેલી એક ખાસ 'પાવર સેલ્ફી' સોશિયલ મીડિયા પર શેર કરીને ''વેલકમ માય ફ્રેન્ડ'' કહીને આવકારતા આ તસવીરો ઇન્ટરનેટ પર ભારે વાયરલ થઈ રહી છે. રાત્રિભોજન દરમિયાન યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં બંને નેતાઓ વચ્ચે ભારત, મધ્ય પૂર્વ અને યુરોપને જોડતા અત્યંત મહત્વકાંક્ષી પ્રોજેક્ટ 'IMEC' (ભારત-મધ્ય પૂર્વ આર્થિક કોરિડોર) ને ઝડપથી આગળ વધારવા તેમજ દ્વિપક્ષીય વેપાર અને સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત કરવા અંગે સકારાત્મક ચર્ચા થઈ હતી. આ પ્રવાસ દરમિયાન પીએમ મોદી રોમ સ્થિત 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન'ના મુખ્યાલયની પણ મુલાકાત લેશે.

## પીએમ મોદીએ ઇટાલીના વડાપ્રધાન મેલોનીને ગિફ્ટ કરી એક રૂપિયાની 'મેલોડી' ચોકલેટ

**સમય સંદેશઃ ડેસ્ક**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીનો એક અનોખો વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે, જેમાં પીએમ મોદી ઇટાલીના વડાપ્રધાનને ભારતની પ્રખ્યાત 'મેલોડી' ચોકલેટનું પેકેટ ભેટમાં આપતા નજરે પડે છે. આ વૈશ્વિક મુલાકાત વચ્ચે જ્યોર્જિયા મેલોનીએ પોતે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ તસવીર શેર કરીને પીએમ મોદીનો આભાર માન્યો હતો. ભારતમાં માત્ર ૧ રૂપિયાની કિંમતે



મળતી આ લોકપ્રિય ચોકલેટનું ઉત્પાદન સ્વદેશી કંપની 'પારલે પ્રોડક્ટ્સ' દ્વારા કરવામાં આવે છે, જે વિશ્વવિખ્યાત પારલે-જી બિસ્કિટ બનાવવા માટે જાણીતી છે. પીએમ મોદીની આ અનોખી ગિફ્ટ રાજદ્વારી સંબંધોમાં ભારતીય બ્રાન્ડના ગૌરવને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરે છે.

મેલોડી ચોકલેટ બનાવતી પારલે પ્રોડક્ટ્સની મૂળ કંપની 'હાઉસ ઓફ પારલે' ની સ્થાપના વર્ષ ૧૯૨૯ માં મોહનલાલ દયાલ ચૌહાણ દ્વારા મુંબઈના વિલે પાર્લે

અનુ પાના નં.૨ પર

## 'માનસિક સંતુલન ગુમાવ્યું', મોદીને 'ગદ્દાર' કહેવા બદલ રાહુલ ગાંધી પર ભાજપના પ્રહાર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને 'ગદ્દાર' કહેતા રાજકારણમાં ભૂકંપ આવ્યો છે. આ નિવેદન સામે ગુજરાત પ્રદેશ ભાજપના મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે રાહુલ ગાંધી માનસિક સંતુલન ગુમાવી બેઠા છે અને તેમણે ડોક્ટરની સલાહ લેવી જોઈએ. દેશના રાજકારણમાં નિવેદનબાજી અને આરોપ-પ્રત્યારોપનો દોર ક્યારેય અટકતો નથી, પરંતુ જ્યારે શબ્દોની મર્યાદા ઓળંગાય છે ત્યારે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી જાય છે. તાજેતરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ કરવામાં આવેલી એક ટિપ્પણીને પગલે ગુજરાતનું રાજકારણ ભારે ગરમાયું છે. રાહુલ ગાંધીએ પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહને



'ગદ્દાર' કહીને સંબોધતા ભાજપ છાવણીમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. રાહુલ ગાંધીના આ વિવાદિત નિવેદન સામે પ્રદેશ ભાજપના મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે મોરચો સંભાળ્યો છે અને કોંગ્રેસ નેતા પર આકરા પ્રહારો કર્યા છે. ડો. પટેલે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, રાહુલ ગાંધીએ પોતાનું માનસિક સંતુલન ગુમાવી દીધું છે. તેઓ સતત દેશના સર્વોચ્ચ નેતાઓ વિરુદ્ધ મર્યાદાહીન ભાષાનો પ્રયોગ કરી રહ્યા છે. વધુમાં કટાક્ષ કરતા તેમણે ઉમેર્યું કે, ''રાહુલ ગાંધી જે રીતે વારંવાર આવા વાંધાજનક નિવેદનો કરે છે, તે જોતા લાગે છે કે તેમણે હવે કોઈ સારા ડોક્ટરને બતાવવાની જરૂર છે.''

ભાજપના મુખ્ય પ્રવક્તાએ ભૂતકાળના સંદર્ભો ટાંકીને રાહુલ ગાંધીને આડે હાથ લીધા હતા. તેમણે યાદ અપાવ્યું કે ખુદ દેશની સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટે પણ અગાઉ રાહુલ ગાંધીને પોતાની વાણી પર સંયમ રાખવા માટે કડક ટકોર કરી ચૂકી છે. આમ છતાં તેમના વલણમાં કોઈ સુધારો જોવા મળી રહ્યો નથી.

અનુ પાના નં.૨ પર

## સી.જે. ચાવડા, હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરને મળી મહત્ત્વની જવાબદારી

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત વિધાનસભામાં અધ્યક્ષ દ્વારા ગઈકાલે વિધાનસભા સમિતિઓની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૪ નાણાકીય અને ૧૪ બિન નાણાકીય સમિતિઓમાં પ્રમુખ અને સભ્યોની નિમણૂક કરાઈ છે. અંદાજ સમિતિમાં સી. જે. ચાવડા (૨૬-વિજાપુર), જાહેર હિસાબ સમિતિ, પંકજ દેસાઈ (૧૧૬-નડીયાદ), જાહેર સાહસો



માટેની સમિતિ રમણલાલ વોરા (૨૮-ઈડર), પંચાયતી રાજ સમિતિમાં ઉદય કાનગડ (૬૮-રાજકોટ- પૂર્વ)ની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. જ્યારે બિન નાણાકીય સમિતિમાં હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર સહિત અને નેતાઓને મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે. નાણાકીય સમિતિઓ સરકારના નાણાકીય ખર્ચ, અંદાજપત્ર અને સરકારી આવક-ખર્ચ પર દેખરેખ રાખવાનું મુખ્ય કાર્ય કરે છે. જ્યારે બિન-નાણાકીય સમિતિઓ: આ સમિતિઓ સામાન્ય વહીવટી પ્રક્રિયા, કાયદાકીય કામકાજ અને ગૃહની આંતરિક બાબતોનું સંચાલન કરે છે. જે બાદ આ સમિતિઓ પોતાના અહેવાલ તૈયાર કરીને વિધાનસભાના સભાગૃહ સમક્ષ રજૂ કરે છે.

## કેબિનેટની બેઠકમાં પેટ્રોલ-ડિઝલ અંગે ચર્ચા

**સમય સંદેશઃ ગાંધીનગર**

રાજ્ય સરકારની કેબિનેટ બેઠકમાં પેટ્રોલ-ડીઝલની સ્થિતિ મુદ્દા ચર્ચા થઈ છે. મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, પેટ્રોલ-ડીઝલ અંગે કેટલીક ફરિયાદ મળ્યાનો સ્વીકાર કર્યો હતો.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી પેટ્રોલ અને ડીઝલ માટે પેટ્રોલપંપ પર લાંબી લાઈનો જોવા મળી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારની કેબિનેટ બેઠકમાં પેટ્રોલ-ડીઝલ પુરવઠાની સ્થિતિ અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

રાજયના મંત્રી જીતુ વાઘાણીએ સ્વીકાર્યું કે સરકારને પેટ્રોલ-ડીઝલ અંગે કેટલીક ફરિયાદો મળી છે. જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહી છે અને લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે મુખ્યમંત્રી દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. જીતુ વાઘાણીએ જણાવ્યું કે એકસાથે મોટી સંખ્યામાં લોકો પેટ્રોલ-ડીઝલ ભરાવવા પહોંચતા હોવાના કારણે કેટલીક જગ્યાએ સમસ્યાઓ ઊભી થઈ રહી છે. રાજ્યના અનેક પેટ્રોલપંપ પર સામાન્ય દિવસોની સરખામણીએ અંદાજે ૩૦થી ૩૫ ટકા સુધી માંગમાં વધારો નોંધાયો હોવાનું તેમણે જણાવ્યું.

સરકાર તરફથી પૂરતા જથ્થાનો પુરવઠો જાળવવા માટે તંત્રને સજ્જ રાખવામાં આવ્યું હોવાનું પણ તેમણે ઉમેર્યું. રાજ્ય સરકારનો દાવો છે કે હાલ પૂરતો ઈંધણનો સ્ટોક ઉપલબ્ધ છે અને સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે.

## જામનગર મહાનગરપાલિકાને ૨૬ મેના રોજ નવા પદાધિકારીઓ મળશે

### મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ ચેરમેનના પદની વરણી માટે જનરલ બોર્ડ બોલાવવામાં આવી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાને આગામી ૨૬ મેના રોજ નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મળશે. આ મહત્વના પદોની વરણી માટે ૨૬ મેના રોજ મહાનગરપાલિકાની ખાસ સામાન્ય સભા (જનરલ બોર્ડ) બોલાવવામાં આવી છે.


મહાનગરપાલિકાના કમિશનર દિપેશ કેડિયા દ્વારા આ સામાન્ય સભા માટેનો સત્તાવાર એજન્ડા જાહેર કરી દેવામાં આવ્યો છે. આ જાહેરાત સાથે જ શહેરના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

મહાનગરપાલિકાની અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતાં અથવા નવા રાજકીય સમીકરણો મુજબ આ પદો માટે ચૂંટણી યોજાઈ રહી છે. કમિશનર દ્વારા એજન્ડા જાહેર થતાં જ શાસક પક્ષ અને વિપક્ષ બંનેમાં રાજકીય હલચલ તેજ બની છે.

ખાસ કરીને મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જેવા શક્તિશાળી પદો પર કોની પસંદગી થશે, તેને લઈને શહેરીજનો અને રાજકીય વિશ્લેષકોમાં ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. ૨૬ મેના રોજ યોજાનારી આ સામાન્ય સભામાં નવા નામોની સત્તાવાર જાહેરાત સાથે જ જામનગર મહાનગર પાલિકાને નવું શાસક મંડળ મળશે, જે આગામી સમયમાં શહેરના વિકાસ કાર્યોની કમાન સંભાળશે.

## જામનગર જિલ્લા કલેક્ટર, અધિક કલેક્ટરે સ્વ-ગણતરી પૂર્ણ કરી

### નાગરિકોને રાષ્ટ્રહિતમાં જોડાવા અપીલ, ૩૧ મે સુધી કરી શકાશે



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યા અને નિવાસી અધિક કલેક્ટર એસ.એમ. કાથડે વસ્તી ગણતરીની સ્વ-ગણતરી પ્રક્રિયા પૂર્ણ કરી છે. તેમણે જિલ્લાના નાગરિકોને પણ રાષ્ટ્રહિતમાં આ પ્રક્રિયામાં જોડાઈને આગામી ૩૧ મે સુધીમાં સ્વ-ગણતરી કરવા અપીલ કરી છે. ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વસ્તી ગણતરી-૨૦૨૭ રાષ્ટ્ર નિર્માણની એક મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગુજરાત રાજ્યમાં જનગણના-૨૦૨૭ અંતર્ગત સ્વ-ગણતરી (Self Enumeration) પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ વિવિધ જનહિતલક્ષી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યોને વધુ અસરકારક બનાવવા માટે થાય છે.

આગામી સમયમાં વસ્તીગણતરી ૨૦૨૭ હાથ ધરવામાં આવનાર છે. તેના પ્રથમ તબક્કામાં ગુજરાતમાં ૧ થી ૩૦ જૂન ૨૦૨૬ દરમિયાન ઘર યાદી અને મકાનોની ગણતરી હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયા સરળ બને તે હેતુથી સરકારે ૧૭ થી ૩૧ મે સુધી સેલ્ફ એન્યુમેરેશનની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. નાગરિકો se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી પોતાની અને પરિવારની વિગતોની ઓનલાઇન નોંધણી કરાવી શકશે.

સ્વ-ગણતરી પ્રક્રિયામાં સૌપ્રથમ પ્રાથમિક રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. જેમાં નાગરિકોએ વસ્તીગણતરીના સત્તાવાર પોર્ટલ પર જઈને પોતાનું રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ અને કેપ્ચા કોડ દાખલ કરીને લોગઇન કરવાનું રહેશે. ત્યારબાદ પરિવારના વડાનું નામ અને ૧૦ આંકડાનો મોબાઈલ નંબર આપીને રજિસ્ટ્રેશન

અનુ પાના નં.૨ પર

## પંજાબનો નાસતો ફરતો આરોપી પડાણા પાટીયા પાસેથી ઝડપાયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત મેઘપર (પડાણા) પોલીસે મોટી કાર્યવાહી કરી છે. NDPS (નશાકારક પદાર્થોની હેરાફેરી) ના ગંભીર ગુનામાં લાંબા સમયથી ફરાર પંજાબના એક આરોપીને પડાણા પાટીયા પાસેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

મેઘપર(પડાણા) પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ક્વોડના સ્ટાફ મહિપાલસિંહ એલ. જાડેજા, લાખનસિંહ જી. જાડેજા અને ધર્મેન્દ્રસિંહ આર. ઝાલાને ખાનગી તેમજ ટેકનિકલ સોર્સિસ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી. બાતમી મુજબ, મેઘપર(પડાણા) પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાનો મુખ્ય આરોપી ગુરજીતસિંઘ ઉર્ફે ગોરા લખબીરસિંઘ ખેહરા (રહે. પંજાબ) હાલ જામનગર-જામખંભાળીયા હાઇવે પર આવેલા પડાણા પાટીયા પાસે ઊભો હતો.

ચોક્કસ બાતમી મળતા જ સર્વેલન્સ સ્ક્વોડની ટીમે તાત્કાલિક પડાણા પાટીયા પાસે પહોંચી વોચ ગોઠવી હતી. બાતમી મુજબનો આરોપી ત્યાં હાજર મળી આવતા પોલીસે તેને ચારેય તરફથી ઘેરીને

અનુ પાના નં.૨ પર

## કેરળમાં વહેલો વરસાદ, ગુજરાત માટે... 'થોભો અને રાહ જૂઓ'

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતીય હવામાન વિભાગ દ્વારા ચોમાસા અને હીટવેવને લઈને એક મહત્વપૂર્ણ આગાહી જાહેર કરવામાં આવી છે. આઈએમડીના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય સમય કરતાં થોડું વહેલું એટલે કે ૨૨ થી ૨૬ મે વચ્ચે કેરળના દરિયાકાંઠે દસ્તક દઈ શકે છે. જોકે, આ વખતે ચોમાસાની ગતિ સામાન્ય કરતાં ઘણી ધીમી રહેવાની આશંકા છે, જેના કારણે તેને સમગ્ર દેશને કવર કરવામાં વધુ સમય લાગશે. જૂનથી સપ્ટેમ્બર દરમિયાન ચોમાસું ૭ થી ૧૪ દિવસ સુધી અટકી શકે છે, જેની સીધી અસર ખરીફ પાકની વાવણી પર પડી શકે છે.

ગુજરાતના સ્તર પર વાત કરીએ તો, આ વખતે રાજ્યમાં ચોમાસું સામાન્ય કરતાં થોડું મોડું પહોંચવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યવાર જાહેર કરાયેલા અંદાજ મુજબ ગુજરાતમાં ૧૮ થી ૨૫ જૂન દરમિયાન ચોમાસાનું આગમન થઈ શકે છે. પ્રશાંત મહાસાગરમાં વિકસી

અનુ પાના નં.૨ પર

## ૨૧ જૂનની પોલીસ ભરતીની પરીક્ષા મોકૂફ, નવી તારીખ પછી જાહેર કરાશે

**સમય સંદેશઃ ગાંધીનગર**

તા. ૨૧ જૂને યોજાનારી પોલીસ ભરતીની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. NEETની પરીક્ષાને લઈ લેખિત પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. ટૂંક સમયમાં પોલીસ ભરતી બોર્ડ નવી તારીખ જાહેર કરશે.

રાજ્યમાં ૨૧ જૂનના રોજ યોજાનારી પોલીસ ભરતીની વિવિધ લેખિત પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે. NEET પરીક્ષાના આયોજન અને વહીવટી વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પોલીસ ભરતી બોર્ડે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે. મોકૂફ રાખવામાં આવેલી પરીક્ષાઓમાં વાયરલેસ ડ્જાંઈ, હેડ કોન્સ્ટેબલ તેમજ ડ્રાઈવર મેકેનિક જેવી પોસ્ટોની લેખિત પરીક્ષાઓનો સમાવેશ થાય છે. હજારો ઉમેદવારો આ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત હતા ત્યારે અચાનક લેવાયેલા આ નિર્ણયથી ઉમેદવારોમાં ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

પોલીસ ભરતી બોર્ડના સૂત્રો મુજબ, ઉમેદવારોને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય અને પરીક્ષા વ્યવસ્થા સુચારૂ રીતે પાર પડી શકે તે માટે પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો છે. બોર્ડ દ્વારા નવી પરીક્ષાની તારીખ ટૂંક સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે કે તેઓ પોલીસ ભરતી બોર્ડની સત્તાવાર જાહેરાતો અને વેબસાઈટ પર સતત નજર રાખે. નવી તારીખ જાહેર થયા બાદ પરીક્ષાનું સમયપત્રક અને અન્ય સૂચનાઓ પણ પ્રસિદ્ધ કરવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી..

### નાણાંકીય સુરક્ષા !

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન ભારતના સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા લાખો કર્મચારીઓ માટે સામાજિક અને આર્થિક સુરક્ષાનો સૌથી મોટો આધારસ્તંભ છે. નોકરીયાત વર્ગ માટે ભવિષ્ય નિધિએ માત્ર બચત નથી, પરંતુ નિવૃત્તિ પછીના જીવનનો મજબૂત સહારો છે. તાજેતરમાં સામે આવેલા અહેવાલો અનુસાર, તેના માળખામાં અત્યાર સુધીનો સૌથી મોટો અને ઐતિહાસિક ફેરફાર કરવા જઈ રહ્યું છે, જેને 'મિશન ૩.૦' તરીકે ઓળખવામાં આવે છે. આ અંતર્ગત, આગામી સમયમાં પીએફના પૈસા સીધા એટીએમ દ્વારા ઉપાડવાની સગવડ અને લઘુત્તમ પેન્શનમાં ત્રણ ગણો વધારો થવાની પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. આ દરખાસ્તો જો વાસ્તવિકતામાં બદલાશે, તો દેશના લાખો શ્રમિકો અને પેન્શનરોના જીવનમાં મોટો સકારાત્મક બદલાવ આવશે.વર્તમાન સમયમાં પીએફ ખાતામાંથી નાણાં ઉપાડવાની પ્રક્રિયા પહેલા કરતાં સરળ બની છે, તેમ છતાં કર્મચારીઓએ હજુ પણ ઓનલાઈન ક્લેમ કર્યા પછી નાણાં બેંક ખાતામાં જમા થાય ત્યાં સુધી દિવસો સુધી રાહ જોવી પડે છે. કટોકટીના સમયે અથવા તાત્કાલિક તબીબી જરૂરિયાતો દરમિયાન આ વિલંબ મુશ્કેલીભર્યો સાબિત થાય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ તરીકે, હવે તેની સિસ્ટમને આધુનિક બેંકિંગ સાથે સાંકળવા જઈ રહ્યું છે. પ્રસ્તાવિત ફેરફાર મુજબ, કર્મચારીઓને ખાસ કાર્ડ આપવામાં આવી શકે છે, જેની મદદથી કોઈપણ સામાન્ય બેંક ખાતાની જેમ જ સીધા એટીએમ મશીનમાંથી પીએફની રકમ ઉપાડી શકાશે. આ ઉપરાંત, ગૂગલ પે અથવા ફોનપે જેવા યુપીઆઈ પ્લેટફોર્મ સાથે પણ આ સિસ્ટમને જોડવાની વિચારણા ચાલી રહી છે, જેથી ડિજિટલ ટ્રાન્ઝેક્શન વધુ ઝડપી અને સરળ બની શકે.આ ડિજિટલ પરિવર્તનનો સૌથી મોટો ફાયદો એ થશે કે કર્મચારીઓએ પોતાના જ નાણાં મેળવવા માટે કચેરીઓના ધક્કા નહીં ખાવા પડે કે લાંબી વહીવટી પ્રક્રિયાઓમાંથી પસાર નહીં થવું પડે. જો કોઈ સભ્યનું કેવાયસી સંપૂર્ણપણે અપડેટ થયેલું હશે, તો તેઓ એટીએમ દ્વારા સીધા જ નાણાં મેળવી શકશે, જેમાં એમ્પ્લોયર એટલે કે કંપની કે માલિકની મંજૂરીની પણ જરૂરિયાત રહેશે નહીં. આ વ્યવસ્થાથી સિસ્ટમમાં પારદર્શિતા વધશે અને વચેટિયાઓ કે ભ્રષ્ટાચારની અવકાશ પણ નાબૂદ થશે. જોકે, અત્રે એ નોંધવું જરૂરી છે કે નાણાં ઉપાડવાની મર્યાદા અને તેના ચોક્કસ નિયમો અંગે સરકાર દ્વારા આગામી સમયમાં સત્તાવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે.




# ખંભાળીયા નગરપાલિકાની નવનિયુકત ટીમને આવકારવા વ્યાપક આતશબાજી

## આગેવાનોની ઉપસ્થિતિમાં સૌના મોં મીઠા કરાવાયા





**સમય સંદેશઃ ખંભાળિયા**

ભાજપ શાસિત ખંભાળિયા નગરપાલિકામાં ગઈકાલે મંગળવારે નવા હોદ્દેદારો સતારૂઢ થયા છે. ત્યારે પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની ગઈકાલે કરાયેલી વરણી બાદ આ તમામ હોદ્દેદારોને આવકારવા આતશબાજી કરી, સૌના મોં મીઠા કરાવાયા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાની મહત્વની એવી ખંભાળિયા નગરપાલિકામાં ૩૬ પૈકી નોંધપાત્ર ૩૦ બેઠકો મેળવી અને ભાજપે વધુ એક વખત સત્તાનું સુકાન સંભાળ્યું છે. છેલ્લા આશરે અઢી દાયકા જેટલા સમયથી ખંભાળિયા નગરપાલિકામાં ભાજપનું વર્ચસ્વ રહ્યું છે.

ત્યારે વધુ એક વખત ભાજપને તોતિંગ લીડ સાથે સ્પષ્ટ બહુમતી મળતા ગઈકાલે મંગળવારે પાલિકાના નવા સુકાનીઓની વરણી માટેની ખાસ બેઠક યોજવામાં આવી હતી. જેમાં આગામી અઢી વર્ષના પ્રમુખ પદ માટે વિજયભાઈ નારણભાઈ કણજારીયા, ઉપપ્રમુખ તરીકે આશાભાઈ લુણા, કારોબારી ચેરમેન તરીકે રાજ અમૃતલાલ પાબારી, દંડક તરીકે ઋષિ કિરીટભાઈ ખેતિયા અને શાસક જૂથના નેતા તરીકે હંસાબા ભીખુભા જેઠવાની વિધિવત રીતે જાહેરાત કરવામાં આવી હતી. ગઈકાલે બપોરે નવા હોદ્દેદારો નિમાયા બાદ આ હોદ્દેદારોનું ફૂલો તથા ઢોલ-ત્રાસા સાથે વિજય સરઘસ નીકળ્યું હતું.

આટલું જ નહીં, ગતરાત્રે અહીંના પોસ વિસ્તાર એવા નવાપરા ખાતે નવનિયુક્ત પ્રમુખ વિજયભાઈ કણજારીયાની ઓફિસ પાસે આતશબાજી અને ફટાકડાની રમઝટ બોલાવવામાં આવી હતી. આ ઉપરાંત ઉપસ્થિત સૌના મોં મીઠા કરાવવામાં આવ્યા હતા. આ સમયે નવનિયુક્ત હોદ્દેદારો સાથે પાલિકા સદસ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેને સૌ કોઈએ આવકારી અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉજવણીમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી તથા સતવારા અગ્રણી શૈલેષભાઈ કણજારીયા, પૂર્વ જિલ્લા મહામંત્રી અને રઘુવંશી જ્ઞાતિના ટ્રસ્ટી દિનેશભાઈ દતાણી, અનિલભાઈ તન્ના, શહેર ભાજપ પ્રમુખ મિલનભાઈ કિરતસાતા, પત્રકાર રમણીકભાઈ રાડીયા, જયસુખભાઈ પીંડારાવારા, કિશોરભાઈ દતાણી, સહિતના હોદ્દેદારો, આગેવાનો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૧ મે થી ૨૦ જૂન સુધી ઇન્ટરસિટી વડોદરાના બદલે બાજવા સ્ટેશન સુધી આવ-જા કરશે

**સમય સંદેશઃ જામનગર**

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનમાં વડોદરા સ્ટેશન યાર્ડ રિમોડલિંગ અને ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ સિસ્ટમના કમિશનિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ બ્લોકના કારણે પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઇન્ટરસિટી ૨૧ મે થી ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે અને બાજવા-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન સંખ્યા ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઇન્ટરસિટી ૨૧ મે થી ૨૦ જૂન, ૨૦૨૬ સુધી બાજવા સ્ટેશનથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે અને વડોદરા-બાજવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

મુસાફરોને વિનંતી છે કે તેઓ મુસાફરી કરતા પહેલા ટ્રેનોના સમય, સ્ટોપેજ અને દ્ક્ષશતવયમ અન્ય નવીનતમ માહિતી માટે રેલવેની સત્તાવાર વેબસાઇટ enquiry.indianrail.gov.in ની મુલાકાત લે.

# રાવલ નગરપાલિકાના પ્રમુખ તરીકે કોંગ્રેસના મોતીબેન પરમાર ચૂંટાયા

## ઉપપ્રમુખ તરીકે મોહનભાઇ વાઘેલા બિનહરીફઃ વ્હીપના અનાદર સહિત રાજકીય સ્ટંટ થયા

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાની જામ રાવલ નગરપાલિકામાં નોંધપાત્ર બેઠકો સાથે કોંગ્રેસને બહુમતી સાંપળી છે. ત્યારે ગઈકાલે મંગળવારે યોજાઇ ગયેલી પ્રમુખ - ઉપપ્રમુખ તરીકેની ચૂંટણીમાં પ્રમુખ પદ માટે કોંગ્રેસના બે દાવેદારો રહ્યા હતા. જ્યારે ઉપપ્રમુખ બિનહરીફ વરાયા છે.

જામ રાવલ નગરપાલિકાના છ વોર્ડના ૨૪ સભ્યોની તાજેતરમાં યોજાઈ ગયેલી ચૂંટણીમાં નોંધપાત્ર બહુમતી સાથે ૨૧ સભ્યો કોંગ્રેસના ચૂંટાયા છે. ત્યારે મંગળવારે નગરપાલિકા કચેરી ખાતે પ્રાંત અધિકારી હિમાંશુ ચૌહાણના અધ્યક્ષ



સ્થાને યોજાઈ ગયેલી ખાસ બેઠકમાં પ્રમુખ તરીકે કોંગ્રેસના મોતીબેન વાલાભાઈ પરમાર ચૂંટાઈ આવ્યા છે. જેમને ૨૪ પૈકી ૨૦ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના વિજેતા અન્ય એક ઉમેદવારને ૨૪ પૈકી ૪ મત મળ્યા હતા. આ ઉપરાંત ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના મોહનભાઈ રાયસીભાઈ વાઘેલા બિનહરીફ જાહેર થયા છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પાલભાઈ આંબલીયાના વડપણ હેઠળ આ સમગ્ર કાર્યવાહી સુપેરે સંપન્ન થઈ હતી. મહત્વની બાબત તો એ છે કે, રાવલ નગરપાલિકાના પ્રમુખ બનવા ઈચ્છતા લક્ષ્મીબેન રાજેશભાઈ વાઘેલાને બદલે પાર્ટીએ સર્વસંમતિથી મોતીબેન વાલાભાઈ પરમારના નામની વ્હિપ આપી હતી. પરંતુ તેમણે વ્હિપનો અનાદર કરી, ભાજપના સદસ્યો સાથે મળીને સ્પષ્ટ બહુમતી છતાં કોંગ્રેસના પ્રમુખને બિનહરીફ થવા દીધા નહોતા. આટલું જ નહીં, પ્રમુખ પદ માટે પણ તેમણે ફોર્મ ભર્યું હતું. જેને ભાજપે ટેકો આપ્યો હતો જેથી ૨૪ પૈકી તેમને માત્ર ચાર મત મળ્યા હતા.! આમ હંમેશા સત્તાની સાઠમારી માટે જાણીતી રાવલ નગરપાલિકામાં આજે વધુ એક રાજકીય સ્ટંટ ખેલાયો હતો. ત્યારે હવે વ્હિપનો અનાદર કરનારા સભ્ય સામે પક્ષ શું પગલા લ્યે છે, તે બાબતે સૌની મીટ મંડાઈ છે.

# જામનગરમાં ઇદના તહેવારને ધ્યાનમાં રાખી સિટી એ ડિવિઝન પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારમાં ફૂટ પેટ્રલીંગ


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જીલ્લામાં બકરી ઇદ ના તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. શહેર/જીલ્લામાં શાંતિ જળવાય રહે તે માટે જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની ના માર્ગદર્શન હેઠળ પોલીસ મથકના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ અભિયાન અને સંવેદનશીલ વિસ્તારમાં પોલીસે પેટ્રોલીંગ શરૂ કર્યું છે. જયારે, જામનગર સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ વી.એમ.ડોડીયા નેતૃત્વમાં દરબારગઢ પોલીસ ચોકી ના પીએસઆઇ વી.આર. ગામેતી, પીએસઆઇ એમ.એન.રાઠોડ તથા પીએસઆઇ ડી.જી.રામાનુજ સહિત સ્ટાફ દ્વારા સંવેદનશીલ વિસ્તાર પાંચ હાટડી વિસ્તાર, મટનમાર્કેટ વિસ્તાર, પટણીવાડ વિસ્તાર, ભાઇવાડો વિસ્તાર અને વાઘેરવાડો વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ અને શંકાસ્પદ વાહનો ની ચેકીંગ હાથ ધરાઇ હતી.

# જામનગરમાં નથુરામ ગોડસેની જન્મજયંતિ ઉજવતી હિન્દુસેના





**સમય સંદેશઃ જામનગર**

અખંડ ભારતનું સપનું લઈ અને દેશના ટુકડા ન થવા દેવાના સાકાર સપના સાથે ૧૯ મે ૧૯૧૦ માં નથુરામ ગોડસેજીએ મહારાષ્ટ્રના પુણેના બારામતીમાં જન્મ લીધો. રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવા ના લક્ષ્ય સાથે આગળ વધતા કટ્ટર હિન્દુવાદી અને દેશના મહાન પંડિત મહાત્મા નથુરામ વિનાયક ગોડસે ના આજે જન્મદિવસ નિમિત્તે હિન્દુ સેનાએ જામનગરમાં પોતાના કાર્યાલય ખાતે ગોડસેજીની પ્રતિમા ને ફૂલહાર તેમજ આરતી કરી સૈનિકોમાં મીઠાઈઓ ખવડાવીને ઉમંગ અને ઉત્સાહથી જન્મ દિવસની ઉજવણી કરી સત સત નમન કર્યા હતા. નથુરામ ગોડસેની અંતિમ ઇચ્છા હતી કે સિંધુ નદી અખંડ ભારતમાં વહે ત્યારે સિન્ધુ નદીમાં તેમની અસ્થી વિસર્જન કરવામાં આવે. હિન્દુ સેના પણ હિન્દુ રાષ્ટ્રને અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરવા આખરી દમ તક લડવાની તૈયારી સાથે આગળ વધી રહી છે. ત્યારે કર્ણાવતીમાં ઉજવણી કરી જેમાં ગુજરાત ઉપાધ્યક્ષ વિજયજી શર્મા કર્ણાવતી હિન્દુ સેના જિલ્લા પ્રમુખ દીપકસિંગ, જામનગર યુવા ઉપપ્રમુખ હિરેન ચંદન, મેહુલ મહેતા સહિત સૌરાષ્ટ્ર મંત્રી મયુર ચંદન, જિલ્લા પ્રભારી કિશન નંદા સહિતના સૈનિકોને જવાબદારો અને સૈનિકો જોડાયા હતા.

## અનુસંધાન

### સજ્જડ શટર બંધ

(પાના નં. ૪ થી આગળ)

લાદે. કોર્પોરેટ કંપનીઓના ડીપ ડિસ્કાઉન્ટના કારણે નાના અને મધ્યમ વર્ગના સ્થાનિક કેમિસ્ટોનો પરંપરાગત વ્યવસાય સંપૂર્ણપણે ખોવાઈ જવાની ભીતિ પણ વ્યાપારીઓએ વ્યક્ત કરી હતી.

બીજી તરફ, આ હડતાલ અને વિરોધ પ્રદર્શન પાછળનું એક વાસ્તવિક ચિત્ર પણ બજારના નિરીક્ષકોમાં ચર્ચાનો વિષય બન્યું છે, જેમાં મેડિકલ સંચાલકોની બેવડી નીતિ છતી થતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. લોકોમાં એવી ચર્ચા ઉઠી છે કે મેડિકલ સ્ટોરના સંચાલકોને અત્યારે અચાનક જ ઓનલાઈન માર્કેટમાં ડુપ્લિકેટ દવાઓ વેચાતી હોવાનો મુદ્દો કેમ યાદ આવ્યો? ખરી હકીકત એ છે કે ઓનલાઈન પ્લેટફોર્મ પર દવાઓ ખૂબ જ સસ્તા ભાવે અને આકર્ષક ડિસ્કાઉન્ટ સાથે મળતી હોવાના કારણે સામાન્ય ગ્રાહકો તે તરફ વળ્યા છે, જેના લીધે સ્થાનિક મેડિકલ સ્ટોર્સના ધંધા લગભગ ચોપટ થઈ ગયા છે અને તેમની આવક પર સીધો ફટકો પડ્યો છે. આથી, પોતાના ઠપ થઈ ગયેલા વેપારને બચાવવાના આખરી પ્રયાસરૂપે જ સંચાલકો હવે 'ડુપ્લિકેટ દવાઓ'ના ઢાલ સમાન બહાના હેઠળ ઓનલાઈન માર્કેટ અને ગ્રાહકોને મળતા ડિસ્કાઉન્ટનો વિરોધ કરી રહ્યા હોવાનું બજારના નિષ્ણાતો માની રહ્યા છે.

### મોતની છલાંગ

(પાના નં. ૪ થી આગળ)

યુવતી નવમા માળે જતી જોવા મળી હોવાનું પણ સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં યુવતી કોઈ વ્યક્તિગત કારણસર માનસિક તણાવમાં હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. પરિવારજનોના જણાવ્યા મુજબ થોડા દિવસોમાં સમગ્ર પરિવાર કેદારનાથ યાત્રાએ જવાનો હતો, પરંતુ તે પહેલાં જ આ કરૂણ બનાવ બનતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

વધુમાં એવું પણ જાણવા મળી રહ્યું છે કે યુવતીની ડિપ્રેશરની દવા ચાલતી હતી અને તેણીએ સીએના અભ્યાસ માંથી ડ્રોપ પણ લીધો હતો. યુવતીના પિતા સોની કામની દુકાન ધરાવે છે અને યુવતી માતા-પિતા, ભાઈ-બહેન તેમજ દાદીમા સહિતનો પરિવાર સાથે રહેતી હતી. જે યોગા કરવા જવાનું કહી આ અંતિમ પગલું ભરી લેતા અરેરાટી મચી છે.

### હત્યા થયાની આશંકા

(પાના નં. ૪ થી આગળ)

ચર્ચા જાગી છે. યુવરાજસિંહનું મોત અકસ્માતના કારણે થયું છે કે પછી કોઈ અજાણ્યા તત્વોએ તેને નિશાન બનાવ્યો છે? તે અંગેનો ભેદ હવે પોલીસ તપાસ બાદ જ ખુલશે. હાલ સમગ્ર મામલે પોલીસે અકસ્માત અને હત્યા એમ બંને એંગલ પરથી ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

### ઈકોની હડફેટે

(પાના નં. ૪ થી આગળ)

મૃત્તદેહને જામનગરી જી.જી.હોસ્પિટલ ખાતે લાવી નાશી ગયેલાં જીજે-૩૭-એમ-૧૩૨૦ નંબરની ઈકો કારના ચાલક સામે બીએનએસની કલમ ૨૮૧, ૧૦૬(૧), તથા એમ.વી. એક્ટ કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ડેન્ટલ કોલેજ

(પાના નં. ૪ થી આગળ)

હતી અને લાંબા સમય સુધી તેની યોગ્ય દેખરેખ ન રાખવામાં આવતા અનેક સવાલો ઊભા થયા છે. સમગ્ર પ્રકરણમાં કોણ કોણ સંડોવાયેલા છે તે દિશામાં પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે.

### ૨૮ રેકડી જપ્ત

(પાના નં. ૩ થી આગળ)

વી.આર.ગામેતી સહિત સ્ટાફ દ્વારા દરબારગઢ ચોક થી સુભાષ માર્કેટ વિસ્તારમાં વિશેષ રૂપે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જાહેર રસ્તા પર દબાણ દૂર કરીને રેકડી સહિત ૨૮ વ્યક્તિઓની અટકાયત કરી લેવામાં આવી હતી, અને તમામ વિરૂધ્ધ બી.એન.એસ એક્ટર ૨૮૫ કરી કડક કાર્યવાહી કરવામાં આવી હતી જેને લઈને દરબારગઢ વિસ્તાર તેમજ સુભાષ માર્કેટ વિસ્તારના રેકડીધારકોમાં ભારે નાશભાગ મચી ગઈ હતી.

### વ્યાજખોરો સામે

(પાના નં. ૩ થી આગળ)

મોવાણીયા સામે રૂ. ૮૦,૦૦૦ વ્યાજે આપી સિક્યુરિટી તરીકે બે કોરા ચેક લેવા તથા રૂ. ૧,૦૦,૦૦૦ પરત મળ્યા છતાં ફરીથી રૂપિયા માંગતા હોવાના આક્ષેપો કરાયા છે.

જ્યારે ચોથા આરોપી દિપભાઈ પરાગભાઈ બાવરિયાએ ફરિયાદીને રૂ. ૫,૨૦,૦૦૦ માસિક ૧૦ ટકા વ્યાજે આપ્યા હોવાનું અને અત્યાર સુધી રૂ. ૨,૨૪,૦૦૦ જેટલી રકમ ચુકવ્યા છતાં સતત પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હોવાનો આરોપ મૂકાયો છે. ફરિયાદી મુજબ ચારેય આરોપીઓ દ્વારા વારંવાર ફોન તેમજ રૂબરૂ મળી ગાળો બોલી બળજબરીથી નાણા પડાવવા અને પરિવારને પણ ધમકાવવાની હરકતો કરવામાં આવતી હતી. સમગ્ર મામલે પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### 'મેલોડી' ચોકલેટ

(પાના નં. ૧ થી આગળ)

ખાતે માત્ર ૧૨ કર્મચારીઓ સાથે કરવામાં આવી હતી. મોહનલાલ ચૌહાણ ખાસ જર્મની જઈને કન્ફેક્શનરી બનાવવાની કળા શીખ્યા હતા અને રૂ. ૬૦,૦૦૦ ના ખર્ચે જરૂરી મશીનરી ભારતમાં આયાત કરી હતી.

સમયની સાથે આગળ વધતા પારલે કંપનીએ વર્ષ ૧૯૭૨ માં સ્વીટ અને ખારી બિસ્કિટ 'ક્રેકજેક' અને વર્ષ ૧૯૮૩ માં આજના સમયની ફેવરિટ એવી 'મેલોડી' ચોકલેટ લોન્ચ કરી હતી. આ સિવાય ૧૯૮૬ માં ભારતની પ્રથમ મેંગો કેન્ડી 'મેંગો બાઈટ' પણ આ જ કંપનીએ બજારમાં મૂકી હતી.

### માનસિક સંતુલન

(પાના નં. ૧ થી આગળ)

ડો. અનિલ પટેલે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ માત્ર ભાજપના નેતા નથી, પરંતુ દેશની ૧૪૦ કરોડ જનતાનું પ્રતિનિધિત્વ કરે છે. રાહુલ ગાંધી જ્યારે પીએમ મોદીનું અપમાન કરે છે, ત્યારે તેઓ વાસ્તવમાં દેશના ૧૪૦ કરોડ દેશવાસીઓનું અપમાન કરે છે. દેશની જનતા પોતાના લોકપ્રિય વડાપ્રધાનનું આવું અપમાન ક્યારેય સહન નહીં કરે.

વાત અહીં જ ન અટકતા, ડો. પટેલે રાહુલ ગાંધીના પરિવારિક સંદર્ભને વણી લેતા કહ્યું કે, રાહુલ ગાંધી જે પ્રકારની રાજકીય ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે અને જે સ્તરે જઈને નિવેદનબાજી કરે છે, તેનાથી તેમના માતા અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી પણ ચોક્કસપણે ચિંતિત હશે. હાલમાં આ નિવેદન બાદ ભાજપ અને કોંગ્રેસ સામસામે આવી ગયા છે અને આગામી દિવસોમાં આ વિવાદ વધુ વણસે તેવા પૂરેપૂરા સંકેતો દેખાઈ રહ્યા છે.

### સ્વ-ગણતરી

(પાના નં. ૧ થી આગળ)

કરાવવાનું રહેશે. એક પરિવાર માટે માત્ર એક જ મોબાઈલ નંબરનો ઉપયોગ કરી શકાશે અને પરિવારના વડાનું નામ પાછળથી બદલી શકાશે નહીં. રજિસ્ટ્રેશન બાદ વેરિફિકેશન અને લોકેશનની ઓળખ કરાશે. જેમાં ભાષાની પસંદગી અને ઓટીપી વેરિફિકેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ લોકેશનની વિગતો આપવાની રહેશે, જેમાં જિલ્લો, ગામ કે શહેર અને પિનકોડની માહિતી દાખલ કરવાની રહેશે. પછીથી મેપ પર લાલ માર્કર થકી ઘરનું ચોક્કસ લોકેશન સેટ કરવાનું રહેશે.

અંતિમ તબક્કામાં ડેટા એન્ટ્રી અને ફાઈનલ સબમિશન કરવાનું રહેશે. જેમાં વસ્તીગણતરીને લગતા પ્રશ્નોના જવાબ આપીને ડેટા એન્ટ્રી કરવાની રહેશે. બાદમાં પ્રિવ્યૂમાં જઈને તમામ વિગતો ચકાસવાની રહેશે. જરૂર પડ્યે તેને એડિટ કરી શકાશે, પછીથી સબમિટ કરવા માટે ડ્રાફ્ટ તરીકે સેવ પણ કરી શકાશે અથવા ફાઈનલ સબમિટ કરી શકાશે. ફાઈનલ સબમિટ પર ક્લિક કરવાથી ડેટા લોક થઈ જશે અને તેમાં કોઈ બદલાવ નહીં કરી શકાય. આ સાથે ૧૧ આંકડાનો યુનિક 'SE ID' જનરેટ થશે, જે મોબાઈલ પર એસએમએસ દ્વારા મોકલવામાં આવશે.

### પંજાબનો નાસતો

(પાના નં. ૧ થી આગળ)

સફળતાપૂર્વક ઝડપી લીધો હતો. પકડાયેલા પંજાબના આ આરોપી વિરુદ્ધ મેઘપર(પડાણા) પોલીસ સ્ટેશનના ડેં પી.ટી. જયસ્વાલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુનાના મૂળ સુધી પહોંચવા માટે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### વહેલો વરસાદ

(પાના નં. ૧ થી આગળ)

રહેલી 'અલ-નીનો'ની સ્થિતિના કારણે આ વર્ષે વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાનો અંદાજ છે. IMD ના મતે આ વર્ષે ચોમાસાનો વરસાદ લોન્ગ પીરિયડ એવરેજના ૯૨% જ્યારે સ્કાઈમેટના મતે ૯૪% રહેવાની શક્યતા છે, જેને સામાન્ય કરતાં ઓછી કેટેગરીમાં ગણવામાં આવે છે.

બીજી તરફ, ચોમાસાના આગમન પહેલા દેશના મોટાભાગના વિસ્તારોમાં અસહ્ય ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે ઉત્તર અને મધ્ય ભારતના ૧૦ રાજ્યોમાં તીવ્ર હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. ૨૧ મેના રોજ રાજસ્થાનમાં ગંભીર હીટવેવની ચેતવણી છે, જ્યારે દિલ્હી-NCR, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાં પણ કાળઝાળ ગરમી ચાલુ રહેશે. સ્કાઈમેટના જણાવ્યા અનુસાર, ચોમાસા પૂર્વેની ગરમીને શાંત કરતા 'સમર થંડરસ્ટોર્મ' આ વખતે નબળા પડ્યા હોવાથી હીટવેવની આ અસર જૂનના પ્રથમ સપ્તાહ સુધી ખેંચાઈ શકે છે.

# સજ્જડ હડતાળને પગલે મેડીકલ એસોશિએશનનું આવેદન


તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં દવાની દુકાનોના વેપારીઓએ હડતાળ પર ઉતરી ૨૪કલાક દુકાનો બંધ રાખીને સજ્જડ વિરોધ નોંધાયો હતો. એસોએશનના પ્રમુખે આવેદન પત્રમાં જણાવ્યું હતું કે ઓનલાઇન દવાઓના ગેરકાયદેસર વેચાણ ઉપર રોક લગાવી તેમજ મોટી કોર્પોરેટ કંપનીઓની ભારે ડિસ્કાઉન્ટ નીતિ સામે કડક નિયમન લાવવા માંગ કરી હતી. જામનગરમાં દવાની દુકાનો બંધ રહેતા અનેક દર્દીઓને દવા માટે તેના સગાસંબંધીઓને ઈમરજન્સી દવાઓ મેળવવા માટે હાડમારી ભોગવી પડી હતી.

# દરેડના કારખાનેદારો ધારાસભ્યને સાથે રાખી ગાંધીનગર રજૂઆત કરવા પહોંચ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરનો વિશ્વવિખ્યાત બ્રાસ પાર્ટ ઉદ્યોગ છેલ્લા કેટલાક સમયથી અનેક વહીવટી અને વ્યવહારુ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. આ કપરી પરિસ્થિતિના કાયમી નિરાકરણ માટે જામનગરના દરેડ ઉદ્યોગનગરમાં આવેલા 'જીઆઇડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન' દ્વારા ગત તા. ૧૯/૦૫/૨૦૨૬ ને મંગળવારના રોજ ગાંધીનગર ખાતે રાજ્ય સરકાર સમક્ષ એક અત્યંત મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી હતી. જામનગર-૭૯ ના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીના સક્રિય સહકાર અને પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ એસોસિએશનના પદાધિકારીઓએ ગાંધીનગરમાં ડેરાતંબુ તાણી સરકારના ઉચ્ચ મંત્રીઓ અને અધિકારીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. ધારાસભ્ય અકબરીએ સ્થાનિક ઉદ્યોગકારોની પડખે અડીખમ ઊભા રહી તમામ મંત્રીઓ સાથે રૂબરૂ બેઠકો કરાવી આપીને જનપ્રતિનિધિ તરીકે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ ઉચ્ચસ્તરીય અને ફળદાયી બેઠકમાં એસોસિએશનના પ્રમુખ વિષ્ણુંભાઈ પટેલ, ઉપપ્રમુખ અતુલભાઈ પટેલ તેમજ કારોબારી સભ્ય અશોકભાઈ પટેલના બનેલા પ્રતિનિધિમંડળે જીઆઇડીસીને મૂંઝવતા જટિલ પ્રશ્નોની આંકડાકીય અને દસ્તાવેજી છણાવટ કરી હતી. બેઠક દરમિયાન હાલમાં ઉદ્યોગકારોને વ્યાપકપણે



સતાવી રહેલા સ્ટેમ્પ ડ્યૂટીના ગંભીર પ્રશ્ન, પ્લોટ નં. ૯૦ ના સર્વિસ ચાર્જને લગતો વણઉકેલાયેલો વિવાદ તેમજ લાંબા સમયથી પડતર એવી રેસિડેન્શિયલ ઝોનને ઇન્ડસ્ટ્રીયલ ઝોનમાં કન્વર્ટ (ફેરબદલ) કરવાની માંગણીઓ મંત્રીઓ સમક્ષ ભારપૂર્વક મૂકવામાં આવી હતી. આ ઉપરાંત, પીજીવીસીએલ (ડ્રસ્ટ્રઈક) દ્વારા ઉદ્યોગોના હિતમાં એક જ પ્લોટમાં બે વીજ કનેક્શન આપવાની મહત્વપૂર્ણ જરૂરિયાત જેવા સ્થાનિક ઉદ્યોગોના અસ્તિત્વ અને વિકાસ માટે નિર્ણાયક ગણાતા તમામ મુદ્દાઓની સચોટ રજૂઆત કરવામાં આવી હતી.

એસોસિએશનની આ તાર્કિક અને મુદ્દાસરની રજૂઆતને રાજ્ય સરકાર દ્વારા અત્યંત સકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો હતો. પ્રતિનિધિમંડળે ગાંધીનગર ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગમંત્રી ડો. જયરામભાઇ ગામીત, મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિદા તેમજ જીઆઇડીસીના ઉચ્ચ અધિકારીઓ જેમાં ચેરમેન મમતા વર્મા અને એમડી પ્રવિણા ડી. કે. સાથે વિગતવાર બેઠકો યોજી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના તમામ મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓએ જામનગરના ઉદ્યોગકારોની પીડાને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને આ તમામ જટિલ પ્રશ્નોનું વહેલામાં વહેલી તકે યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે તેવી દ્રઢ ખાતરી આપી હતી. સરકારના આ હકારાત્મક વલણ અને ધારાસભ્યના સઘન પ્રયાસોથી જામનગરના બ્રાસ પાર્ટ અને જીઆઇડીસીના ઉદ્યોગકારોમાં ફરી એકવાર ઉત્સાહ અને નવી આશાનો સંચાર થયો છે.

# દરબારગઢ-શાક માર્કેટ વિસ્તારમાં રોડ ઉપર નડતરરૂપ ૨૮ રેકડી જપ્ત કરી ગુન્હા નોંધાયા






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના દરબાગઢ વિસ્તાર તથા સુભાષ માર્કેટ વિસ્તારમાં રેકડી દ્વારા મોટાપાયે દબાણ કરાય છે. જે સમસ્યાનું નિરાકરણ લાવવાના ભાગરૂપે જામનગર પોલીસ સક્રિય બની છે અને ૨૮ જેટલા રેકડી ધારકો વિરૂધ્ધ બી.એન.એસ ની કલમ ૨૮૫ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. જેને લઈને રેકડીધારકોમાં નાશ ભાગ મચી ગઈ હતી.

જામનગર શહેરના દરબારગઢ સર્કલ થી રણજીત રોડ રોડ પર જવા માટે સીટી બસની બર્ધન ચોક થઇને પસાર થાય છે. પરંતુ જામનગર શહેરના દરબારગઢ થી સુભાષ માર્કેટ થી રણજીત રોડ માર્ક સુધીના અનેક રેકડીધારકો દબાણ સર્જીને બેઠા હોય છે અને સિટી બસને પસાર થવું પણ ખૂબ જ મુશ્કેલ બને છે. ઉપરાંત અવાર-નવાર ટ્રાફિક સમસ્યા સર્જાય છે. આ સમસ્યાનું નિરાકરણ લાવવાના ભાવરૂપે જામનગર ની સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ વી.એમ.ડોડીયા ની આગેવાની હેઠળ દરબારગઢ પોલીસ ચોકી ના પીએસઆઇ

અનુ પાના નં.૨ પર

# જામનગર શહેરમાં બિલ્ડર જમન ફળદુનું હિત સાચવવા ડિમોલેશનઃ આહિર સમાજનું આવેદન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના લાલપુર રોડ પર આવેલા જડેશ્વર પાર્ક વિસ્તારમાં થયેલી ડિમોલિશનની કાર્યવાહી મામલે સામાજિક સ્તરે પણ વિરોધનો સૂર ઉઠયા બાદ આજે આહીર સમાજ - જામનગર દ્વારા કલેક્ટરને આવેદન પાઠવી સમગ્ર ઘટનાની નિષ્પક્ષ વહીવટી તપાસ કરવાની માંગ કરવામાં ઉઠાવાઇ હતી આવેદનમાં જણાવાયું છે કે વયોવૃદ્ધ નંદુબેન નારણભાઈ બેરા આશરે ૪૦ વર્ષથી આ વિસ્તારમાં વસવાટ કરતા હતા.

જામનગર મહાનગરપાલિકા દ્વારા મકાન હટાવવાની કામગીરી દરમિયાન વયોવૃદ્ધ મહિલાની સાથે સુરક્ષાકર્મીઓએ અયોગ્ય વર્તન કર્યું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. આવેદન મુજબ ૮૦ વર્ષીય નંદુમાને બળજબરીપૂર્વક પોલીસ વાનમાં બેસાડવાની ઘટનાથી નાગરિકોમાં



તસવીરઃ હિરેન ગાંધી

ભારે રોષ અને સંવેદના ફેલાઈ છે. આહીર સમાજે રજૂઆતમાં જણાવ્યું છે કે વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ પ્રત્યે તંત્રએ સંવેદનશીલ અભિગમ દાખવવો જરૂરી છે. આ ઘટનાથી સમાજમાં નકારાત્મક સંદેશ ઉઠ્યો છે.

સાથે જ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની ભૂમિકા અંગે ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

આવેદનમાં વધુમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે જડેશ્વર પાર્ક વિસ્તાર આસપાસ જાણીતા બિલ્ડર જમન ફળદુના વ્યાપારી હિતો સંકળાયેલા હોવાની સ્થાનિક સ્તરે ચર્ચા ચાલી રહી છે. શહેરમાં અન્ય અનેક બિનઅધિકૃત બાંધકામો સામે કાર્યવાહી ન થતા આ ચોક્કસ કેસમાં ઝડપભેર પગલાં લેવાતા વહીવટી સમાનતા અંગે પ્રશ્નો ઉભા થયા હોવાનું જણાવાયું છે.

સાથે જ ડિમોલિશનની કાર્યવાહી તત્કાલીન મ્યુનિસિપલ કમિશનરની બદલીના માત્ર બે દિવસ પહેલાં ઉતાવળમાં હાથ ધરાઈ હોવાની બાબતને પણ આવેદનમાં શંકાસ્પદ ગણાવવામાં આવી છે. સમગ્ર મામલે પારદર્શક અને તટસ્થ તપાસ કરી પીડિત દંપતીના પુનઃવસન માટે યોગ્ય સહાય આપવામાં આવે તેવી માંગ સાથે આહીર સમાજે કલેક્ટરને રજૂઆત કરી છે.

# બાબરીયા ગામે ગેરકાયદે ચાલતા પથ્થરના ખોદકામ ઉપર ત્રાટકતી જામનગર એસઓજી





**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના બાબરીયા ગામે મંજૂર લીઝની બહાર ગેરકાયદેસર રીતે પથ્થર ખનન ચાલતું હોવાની બાતમીના આધારે જામનગર એસઓજીએ દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન પથ્થર કાઢવાના ત્રણ મશીન કબજે કરવામાં આવ્યા હતા, જ્યારે લાખો રૂપિયાના દંડની કાર્યવાહી શરૂ કરાઈ છે. મળતી માહિતી મુજબ બાબરીયા ગામમાં સ્કૂલ નજીક આવેલી પથ્થરની ખાણમાં મંજૂરી મળેલી સીમા બહાર ખોદકામ કરી ગેરકાયદેસર રીતે પથ્થર કાઢવામાં આવતો હોવાની હકિકત એસઓજીને મળી હતી. જેના આધારે એસઓજીની ટીમ ખાણ ખનીજ વિભાગ અને લાલપુર પોલીસ સાથે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન નુરમામદ મુંગર અલારખા સમા નામના શખ્સ દ્વારા મંજૂર વિસ્તારની બહાર ખોદકામ કરી પથ્થર કાઢવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું. સ્થળ પરથી પથ્થર કાઢવાના ત્રણ મશીન અંદાજે રૂ.૭૫ હજારની કિંમતના કબ્જે લેવામાં આવ્યા હતા.

સાથે સાથે મંજૂરી બહાર કેટલું ખોદકામ કરાયું છે તેની માપણી શરૂ કરવામાં આવી છે અને અંદાજે રૂ.૮ લાખ જેટલો દંડ વસૂલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર કાર્યવાહી એસઓજીના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# જામજોધપુરમાં ચાર વ્યાજખોરો સામે નોંધાતી પૉલીસ ફરિયાદ

## પઠાણી ઉઘરાણી અને પીડિતોને ખુનની ધમકી અપાતી હોવાનો આક્ષેપ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર ખાતે વ્યાજખોરી અને પઠાણી ઉઘરાણીનો ગંભીર મામલો સામે આવ્યો છે. ખાનગી બેંકમાં નોકરી કરતા એક યુવાને ચાર વ્યક્તિઓ સામે ઊંચા વ્યાજે નાણા આપીને લાખો રૂપિયાની ઉઘરાણી કરવા સાથે જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાના આક્ષેપો સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી રવિ કુમાર વિજયભાઈ ગંઢચા, રહે. તિરુપતિ સોસાયટી, નવી પોસ્ટ ઓફિસ પાછળ, જામજોધપુર ખાતે રહે છે, અને છેલ્લા ચાર વર્ષથી એચ.ડી.એફ.સી. બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે.

ફરિયાદ મુજબ બે વર્ષ અગાઉ ઓનલાઈન લોન અને ક્રેડિટ કાર્ડના કારણે નાણાકીય મુશ્કેલી ઊભી થતા તેમણે અલગ અલગ વ્યક્તિઓ પાસેથી ઊંચા વ્યાજે નાણા લીધા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ સત્યજીતસિંહ જાડેજાએ પ્રથમ રૂ. ૧૫,૦૦૦ અને બાદમાં રૂ. ૩૦,૦૦૦ વ્યાજે આપ્યા હતા. આરોપીએ માસિક આશરે ૪૦ ટકા જેટલું ઊંચું વ્યાજ નક્કી કરી સિક્યુરિટી પેટે સહીવાળા કોરા ચેક લીધા હોવાનું જણાવાયું છે.

ફરિયાદી દ્વારા કુલ રૂ. ૩,૨૧,૫૦૦ જેટલી રકમ ચુકવ્યા છતાં હજુ દોઢ લાખ રૂપિયાની માંગણી કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજા આરોપી સંદીપ કરોતરા સામે પણ રૂ. ૧૦,૦૦૦ની સામે ભારે વ્યાજ વસૂલવા, કોરો ચેક લઈ વધુ રૂપિયા માંગવા તેમજ ધમકીઓ આપવાના આક્ષેપો કરાયા છે. ફરિયાદી મુજબ અનેક વખત ઓનલાઈન ચુકવણી કરવા છતાં આરોપી હજુ પણ રૂ. ૧૩,૦૦૦ની માંગણી કરી રહ્યો છે.

ત્રીજા આરોપી સનાભાઈ કરશનભાઈ

અનુ પાના નં.૨ પર


# જામનગરમાં ટાઢીયા તાવથી યુવતીનું મોત


**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શહેરના રણજીતસાગર રોડ પર આવેલા યુવાપાર્ક વિસ્તારમાં રહેતી મહેકબેન પ્રશાંતભાઈ કનખરા (ઉ.વ.૨૧)ને છેલ્લા ત્રણ દિવસથી તાવ અને ઠંડીની તકલીફ હતી.

પરિવારજનોએ શરૂઆતમાં અલગ અલગ તબીબો પાસે સારવાર કરાવી હતી. છતાં તબિયત સારી થઈ ન હતી તેવામાં ગત ૧૮ મેની રાત્રે તેમની તબિયત વધુ લથડતાં પહેલા ડો. એમ.એસ. શાહના દવાખાને લઈ જવાયા હતા.પરંતુ હાલતમાં સુધારો ન થતાં પરિવારજનોએ સમર્પણ હોસ્પિટલ તરફ દોડ લગાવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે જોલી બંગલા સામે આવેલા ડો. વોરા પાસે લઈ જવાયા હતા. આખરે જામ જી.જી. હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ સારવાર દરમિયાન યુવતીનું મોત નીપજ્યું હતું.

# સ્વ ગણતરી અભિયાનમાં જોડાવવા લોકોને કમિશનર દિપેશ કેડીયા દ્વારા કરાયો અનુરોધ





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

રાજ્યભરમાં તા. ૧૭મી મે થી ૩૧ મે સુધી ઓનલાઈન સ્વ-જનગણના ચાલુ થઈ છે. જે અંતર્ગત જામનગર મ્યુ. કોર્પોરેશનના નવનિયુક્ત કમિશનર દીપેશ કેડિઆએ તય.ભયક્ષતીત.લજ્ઞદ.શક્ષ નામની વેબ સાઈટ ઉપર પોતાની વિગતો ઓનલાઈન ભરીને લોકોને પણ આ સામાન્ય વિગતો ઓનલાઈન ભરવા અનુરોધ કર્યો છે. મહાનગરપાલિકાના કમિશનર કેડિયાએ જણાવ્યું છે કે, જામનગરમાં હાલ ચાલી રહેલી સેલ્ફ ઈન્યુમરેશન (સ્વ-જનગણના)ની કામગીરી અંતર્ગત અત્યાર સુધીમાં સાંસદ, મંત્રી, ધારાસભ્ય, જામ સાહેબ સહિતના મહાનુભાવો, વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ જોડાઈ ચુક્યા છે. આ se.census.gov$. in નામની વેબ સાઈટ ઉપર લોકોને સામાન્ય પ્રશ્નો પુછવામાં આવે છે. દાખલા તરીકે ઘર કાચું કે પાકું છે ? પાણી મેળવવાનો સ્ત્રોત કયો છે ? ઘરે કેબલ કનેક્શન છે કે કેમ ? આવા પ્રશ્નો પુછવામાં આવે છે. જે તુરંત ભરી શકાય છે. શહેરના યુવાઓને ખાસ અનુરોધ છે કે, તેઓ ઘરમાં લીડ લઈને તમામની વિગતો એકઠી કરીને અપલોડ કરવામાં મદદ કરે. આ વિગતો સદંતર ગુપ્ત માહિતી છે. માટે યોજનાલક્ષી ઉપયોગી છે.

જેનાથી ભવિષ્યમાં વિસ્તાર કોઈને પણ મળી શકતી નથી. માત્ર આ માહિતી સરકાર મુજબ કે વસ્તી મુજબ યોજનાઓ લાગુ કરી શકાય. જામનગરના વધુમાં વધુ લોકો આ સ્વ-જનગણનામાં જોડાય તે જરૂરી છે.

# પરડવામાં પાના ટીંચતા છ પંટર પકડાયાઃ ૩૮ હજાર કબ્જે

**સમય સંદેશઃ જામજોધપુર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના પરડવા ગામ નજીક પોલીસે જુગાર સંબંધિત દરોડો પાડ્યો હતો. લીમડાના ઝાડ નીચે જાહેરમાં જુગાર રમી રહેલાં છ જુગારીઓને પોલીસે ૩૮ હજારની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જામજોધપુર પોલીસે બાતમીના આધારે પરડવા ગામની માધવીસમ વિસ્તારમાં જાહેરમાં લીમડાના ઝાડ નીચે તીનપત્તીનો જુગાર રમી રહેલાં હરદાસભાઇ હરભમભાઇ ઓડેદરા (ઉ.વ.૫૯, રહે.પરડવા ગામ ડોરી સીમ વાડી વિસ્તાર તા.જામજોધપુર જી.જામનગર), જીતેશભાઇ રાજાભાઇ ડવ (ઉ.વ.૪૯, રહે.ગણોદગામ ગામ ભુતશેરી તા.ઉપલેટા જી.રાજકોટ), રમેશભાઇ મોહનભાઇ સોંલકી (ઉ.વ.૫૩, રહે.વાંસજાળીયા ગામ બેંક ઓફ ઇન્ડીયાની સામે વાણીયા શેરી તા.જામજોધપુર જી.જામનગર), સવજીભાઇ રૂડાભાઇ વિંઝુડા (ઉ.વ.૪૪, રહે.પરડવા ગામ બસ સ્ટેન્ડની બાજુમા તા.જામજોધપુર જી.જામનગર), રાજેશભાઇ ભીમાભાઇ ખાટરીયા (ઉ.વ.૪૫, રહે.વડાળા ગામ તળવની બાજુમા તા.કુતીયાણા જી.પોંરબંદર), હરસુખભાઇ ભુરાભાઇ જલુ (ઉ.વ.૫૦, રહે.નીલાખા ગામ લીમડાચોક તા.ઉપલેટા જી.રાજકોટ) નામના છ શખ્સોને ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો પાસેથી રૂા.૩૮,૫૦૦ ની રોકડ કબ્જે કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં 'નીટ'ના પેપરકાંડના વિરોધમાં જામનગરમાં કોંગ્રેસનો નવત્તર વિરોધ




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

નીટની પરીક્ષામાં પેપર લીક મામલે જામનગરમાં યુવક કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા અર્ધનગ્ન અવસ્થામાં ઉગ્ર ધરણાં યોજીને શિક્ષણ પ્રધાનના રાજીનામાની માંગ કરીને વિરોધ કરવામાં આવ્યો હતો.

તેમજ આ કૌભાંડના મુખ્ય સુત્રધારો સામે કડક કાયદાકીય પગલા લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. નીટ પરીક્ષામાં પેપર ફૂટવાની ગંભીર ઘટના સામે આવતા દેશના બાવીસ લાખથી વધુ હોશિયાર વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બન્યું છે.

સરકારની ઘોર બેદરકારી અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થતા ચેડાંના વિરોધમાં જામનગરમાં મંગળવારે યુવક કોંગ્રેસ એનએસયુઆઈ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન અને ધરણા શહેરના ડીકેવી કોલેજ સર્કલ ખાતે યોજીને વિરોધ કરવામાં આવ્યો હતો.

જેમાં સુત્રોચ્ચાર સાથે શર્ટ ઉતારીને ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં એનએસયુઆઈ શહેર પ્રમુખ રવિરાજસિંહ ગોહિલ, શક્તિસિંહ જેઠવા, યુવક કોંગ્રેસ શહેર પ્રમુખ મહિપાલસિંહ જાડેજા, તૌસિફખાન પઠાણ સહિતના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# જામનગરમાં મહિલા ઉપર ચાર મહિલાનો હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પટેલ પાર્ક વિસ્તારમાં રહેતી બબીતાદેવી તુકારામ પ્રભાકર કાંબ્લે (ઉ.વ.૪૦) નામની મહિલાએ શહેરના ખંભાળિયા નાકા પાસે મીરા દાતારની દરગાહ પાસે રહેતી જરીનાબેન, જરીનાબેનની દીકરી આશરીન, આશરીનની બહેનપણી અલવીના, અલવીનાની માતા ફરીદાબેન, જરીનાબેનનો દીકરો અનુ નામના પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવાયા અનુસાર બબીતાદેવી અને આરોપીઓ જૂના પાડોશી થતા હોય અને બે વર્ષ અગાઉ ફરિયાદી તથા આરોપીઓ વચ્ચે બોલાચાલી થઇ હતી. દરમિયાન ગત તા.૧૬ના રોજ ફરિયાદી મીરા દાતારની દરગાહ પાસે ગયા હતાં તેવામાં જૂની બોલાચાલીનો ખાર રાખી આરોપી જરીના, આશરીન અને અલવીનાએ બબીતાદેવીને રોકી તેને ઢીકાપાટુંનો માર મારી જમીન પર પછાડી દીધા હતાં. બાદમાં આરોપી ફરીદાબેન તથા અનુએ પણ ફરિયાદીને માર મારી શરીરે બચકા ભરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર મામલો પોલીસ મથકો પહોંચ્યો હતો.

પોલીસે બબીતાદેવીની ફરિયાદના આધારે આરોપીઓ જરીનાબેન, જરીનાબેનની દીકરી આશરીન, આશરીનની બહેનપણી અલવીના, અલવીનાની માતા ફરીદાબેન, જરીનાબેનના દીકરા અનુ સામે બીએનએસની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૭૫, ૫૪ મુજબ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કેમિસ્ટોની દેશવ્યાપી હડતાલમાં જોડાયું હાલાર મેડિકલ સ્ટોર્સના સજ્જડ શટર બંધ

**પ્રિસ્ક્રિપ્શન વગર ઓનલાઈન વેચાતી ડુપ્લિકેટ દવાઓ સામે એસો.નો આક્રોશ; જામનગરમાં ૭૦૦ અને ખંભાળિયામાં ૮૦ જેટલી દુકાનો બંધ રહી, દર્દીઓ માટે ૭ સ્થળોએ ઈમરજન્સી સેવા ચાલુ રખાઈ; ઓનલાઈન ડિસ્કાઉન્ટના લીધે સ્થાનિક ધંધા ચોપટ થતાં મેડિકલ સંચાલકો મેદાને આવ્યાની બજારમાં ચર્ચા**



















તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર-ખંભાળિયા**

ઈ-ફાર્મસી એટલે કે ઓનલાઈન દવાઓના બેફામ વેચાણ, કોર્પોરેટ પ્લેટફોર્મ્સ દ્વારા અપાતા તોતિંગ ડિસ્કાઉન્ટ અને ઓનલાઈન માધ્યમથી વેચાતી નકલી દવાઓના વિરોધમાં 'કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશન' દ્વારા આપવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી બંધના એલાનને ગઈકાલે બુધવારે જામનગર અને ખંભાળિયામાં વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. આ હડતાલના પગલે જામનગર શહેરમાં આવેલા આશરે ૭૦૦ જેટલા અને જામખંભાળિયા વિસ્તારના ૭૦ થી ૮૦ જેટલા નાના-મોટા મેડિકલ સ્ટોર્સ ગઈકાલે સંપૂર્ણપણે બંધ રહ્યા હતા અને તમામ પ્રકારની દવાઓનું સામાન્ય વેચાણ અટકાવી દઈને ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જોકે, ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓને મુશ્કેલી ન પડે તે માટે જામનગર એસોસિએશન દ્વારા માનવતાના ધોરણે શહેરના અલગ-અલગ ૭ નિયત સ્થળો ઉપર ઈમરજન્સી દવાઓનું વેચાણ રાબેતા મુજબ ચાલુ રાખવાની સરાહનીય વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેથી દર્દીઓનો જીવ જોખમમાં ન મુકાય.

ખંભાળિયા અને જામનગર કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનના પદાધિકારીઓના જણાવ્યા અનુસાર, ઓનલાઈન પ્લેટફોર્મ પર ડોક્ટરના યોગ્ય પ્રિસ્ક્રિપ્શન વગર જ દવાઓ વેચાઈ રહી છે. આ સિવાય દર્દીઓને ખોટી, સમયમર્યાદા (એક્સપાયરી) નજીકની અથવા શંકાસ્પદ અને ડુપ્લિકેટ દવાઓ મળવાની સંભાવના ખૂબ વધી ગઈ છે, જે લોકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં સમાન છે અને તેનાથી દેશની દવા નિયંત્રણ વ્યવસ્થા પણ જોખમાઈ છે. કેમિસ્ટો દ્વારા માંગ કરવામાં આવી છે કે સરકાર ઓનલાઈન દવા વેચાણ સંબંધિત પોતાના આઈટી નોટિફિકેશન જીએસઆર ૮૧૭ (ઈ) ને તાત્કાલિક પાછું ખેંચે અને આ માર્કેટ પર કડક તથા સમાન નિયંત્રણો

અનુ પાના નં.૨ પર

# રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખી એટીએસ અને મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સંયુક્ત પેટ્રોલિંગ

**રોઝી, નવા અને બેડી બંદર સહિતના વિસ્તારોમાં શંકાસ્પદ બોટ અને સ્થળોનું સઘન ચેકિંગ**



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ, જામનગર દ્વારા તા. ૧૯/૦૫/૨૦૨૬ના રોજ સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. હાલ વેસ્ટ એશિયામાં અમેરિકા-ઈરાન વચ્ચે સર્જાયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિ તેમજ રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખી આ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આતંકવાદી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને રોકવા માટે દરિયાઈ વિસ્તારમાં સતત ચાંપતી નજર રાખવી જરૂરી બની છે. ખાસ કરીને હાઈ એલર્ટ બાદ સામાન્ય બનેલી પરિસ્થિતિ દરમિયાન સતર્કતા જાળવવી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ કામગીરી એ.ટી.એસ અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા તથા દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયા અને મરીન ટાસ્ક ફોર્સ હજીરાના પોલીસ અધિક્ષક એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેક્ટરના પો.ઈ. ધરમવીર આર. યાદવ, પો.સ.ઈ. જી.એમ. બોપલિયા, પો.સ.ઈ. ડી.એચ. જાડેજા તેમજ તમામ મરીન કમાન્ડો અને બેડી મરીન પોલીસ સ્ટેશન દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું હતું.

ખારા બેરાજા, માધાપર ભૂંગા, રોઝી બંદર, નવા બંદર અને બેડી બંદર સહિતના સમગ્ર કોસ્ટલ વિસ્તારમાં ફૂટ તથા બોટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમોએ શંકાસ્પદ ઈસમો, શંકાસ્પદ બોટ, ફિશ લેન્ડિંગ પોઈન્ટ, ફિશિંગ સેન્ટર, વાઈટલ એરિયા તેમજ અવાવરૂ સ્થળોની સઘન ચેકિંગ હાથ ધરી હતી.દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા વધુ કડક બનાવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવાનો મુખ્ય હેતુ રહ્યો હતો.

# જામનગરના સોલેરીયમ નજીક કાર સળગી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સોલારિયમ હાઉસ નજીક પાર્ક કરેલી એક કારમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. કાર પાર્ક કર્યા બાદ ગણતરીની મિનિટોમાં જ વાહનના આગળના મશીનના ભાગમાંથી ધુમાડા નીકળતા આગ ભભૂકી ઉઠી હતી. આગ અંગે ફાયરબ્રિગેડને જાણ કરતા જ ફેરની ટીમે દોડી આવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

જો કે ત્યાં સુધીમાં અડધી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. આગ ઝડપથી ફેલાતા કારનો આગળનો ભાગ બળી જતાં વાહનને ભારે નુકસાન પહોંચ્યું હતું અને કાર અડધી બળી રાખ સમાન બની ગઈ હતી. ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં થોડો સમય માટે દોડધામનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઇજા નોંધાઈ નથી. પ્રાથમિક અનુમાન મુજબ કારના વાયરિંગમાં ટેક્નિકલ ખામીના કારણે આગ લાગી હોવાની શક્યતા ચર્ચાઈ રહ્યું છે.

# શિક્ષકોના વિવિધ પ્રશ્નો-પડતર માંગણીઓ અંગે શિક્ષકસંઘની મુખ્યમંત્રીને કરાતી રજૂઆત

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીઓને પ્રાથમિક શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ શિક્ષકોના વિવિધ પ્રશ્નો અને પડતર માંગણીઓ સંદર્ભે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે રાજ્યના યશસ્વી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ શિક્ષણમંત્રી પ્રદ્યુમનસિંહ વાઝા, શિક્ષણમંત્રી (રાજ્યકક્ષા) રિવાબા જાડેજા તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામક ત્રિવેદી સર સાથે રૂબરૂ મુલાકાત કરી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકોના હિતમાં મહત્વની રજૂઆતો કરી ઘટતી કાર્યવાહી કરવા ચર્ચા કરી હતી.

આ મુલાકાતમાં સંઘ વતી અમદાવાદના મહામંત્રી રજનીકાંત સોલંકી, અમદાવાદ ઉપપ્રમુખ મહેન્દ્રસિંહ રાજપૂત અને અન્ય સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંઘ દ્વારા મુખ્યત્વે નીચે મુજબના પ્રશ્નો અંગે આવેદનપત્ર આપી સકારાત્મક ઉકેલ લાવવા સજ્જડ રજૂઆત કરવામાં આવી હતી HTAT મુખ્ય શિક્ષકોની બઢતી અને સ્પર્ધાત્મક કસોટીનું આયોજનઃ તા.૧૨/૦૧/૨૦૨૧ના જાહેરનામા અગાઉ ખૂબ જ ઊંચા મેરિટ અને લાયકાત સાથે ઇંઝઅઝ પરીક્ષા પાસ કરેલા પરંતુ બઢતીથી વંચિત રહી ગયેલા શિક્ષકોને સૌપ્રથમ બઢતીનો લાભ આપવા માંગ કરાઈ છે. સાથોસાથ રાજ્યમાં ખાલી પડેલી અંદાજિત ૪૫૦૦ જેટલી મુખ્ય શિક્ષકની જગ્યાઓ ભરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વહેલી તકે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવા રજૂઆત કરાઈ હતી.

વસ્તી ગણતરી કામગીરીમાં ૫૦% થી વધુ સ્ટાફ ન રોકવા બાબત આગામી નવા શૈક્ષણિક સત્રથી શાળામાં પ્રવેશોત્સવ અને શિક્ષણ કાર્ય બગડે નહીં તે હેતુથી મહાનગરોમાં ૭૫% થી ૯૦% જેટલા રોકાયેલા શિક્ષકોના બદલે મહત્તમ ૫૦% સ્ટાફ જ વસ્તી ગણતરીની કામગીરીમાં રોકવામાં આવે અને બાકીના શિક્ષકોને શિક્ષણ કાર્ય માટે મુક્ત રાખવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

ધોરણ ૬ થી ૮ માં વ્યાયામ શિક્ષકોની મંજૂર થયેલી ૧૧૪૧ વિદ્યાસહાયકની ભરતી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં, અગાઉની પરીક્ષાથી વંચિત રહી ગયેલા ઉમેદવારોને પૂરતી તક મળી રહે તે માટે નવી ખેલ અભિરૂચિ કસોટી યોજવા ભારપૂર્વક માંગ કરી છે. ડખઉંઅઢ ત્રૃ-ઈઅઈઉ યોજનામાં વિસંગતતા દૂર કરવા બાબતઃરાજ્ય સરકારના અન્ય કર્મચારીઓની જેમ જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને પણ કેશલેસ સારવાર માટેની ડખઉંઅઢ ત્રૃ-ઈઅઈઉ યોજનાનો લાભ અટક્યા વિના સીધો મળી રહે તે માટે આરોગ્ય અને શિક્ષણ વિભાગ વચ્ચેની વહીવટી વિસંગતતાઓ તાકીદે દૂર કરવા માંગ કરાઈ છે.

ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘની આ ન્યાયિક અને તાર્કિક રજૂઆતોને મુખ્યમંત્રી, શિક્ષણમંત્રીશ્રીઓ તેમજ નિયામક દ્વારા ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો હતો અને શિક્ષકોના હિતમાં યોગ્ય અને ત્વરિત નિર્ણય લેવાની ખાતરી ઉચ્ચારી હતી. તેમ ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખ ચંદ્રકાંત ખાખરીયા અને મંત્રી યાદીમાં જણાવ્યું છે.

# જામનગરમાં સીએની તેજસ્વી વિદ્યાર્થીનીએ લગાવી મોતની છલાંગ

**શહેરના ગોવાળ મસ્જીદ નજીક આવેલ શાલીગ્રામ એપાર્ટમેન્ટના નવમાં માળેથી ઝંપલાવી મોત ગળે લગાવ્યુંઃ કલ્યાણજીના ચોક વિસ્તારમાં ઝવેરી ડેલીમાં રહેતી દ્રષ્ટી પારેખ નામની યુવતી ઘરેથી યોગા કલાસમાં જવાનું કહી નિકળી હતીઃ પાર્કિંગમાં એકટીવા રાખી લીફટ મારફત નવમાં માળે જઈ કર્યો આપઘાત**




તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના કલ્યાણીજીના ચોક પાસે ઝવેરીની ડેલી વિસ્તારમાં પરિવાર સાથે રહેતી દ્રષ્ટિ જતીનભાઈ પારેખ નામની યુવતી ગઈકાલે સવારે પંચેશ્વર ટાવર નજીક આવેલી શાલિગ્રામ એપાર્ટમેન્ટમાં પહોંચી હતી અને લિફ્ટ મારફતે નવમા માળે પહોંચી તેણીએ ઉપરથી છલાંગ લગાવી દીધી હતી. ગંભીર ઇજાઓ અને ભારે લોહી વહ્યા બાદ તેણીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતાં ૧૦૮ની ટીમ અને સિટી એ ડિવિઝન પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. એપાર્ટમેન્ટના સીસીટીવી ફૂટેજમાં

અનુ પાના નં.૨ પર

# દ્વારકા-ઓખા હાઈવે પર લોહીલુહાણ હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યોઃ હત્યા થયાની આશંકા

**પોલીસે સી.સી.ટી.વી. ફૂટેજ, મોબાઈલ ડિટેઈલનાં આધારે તપાસ શરૂ કરી**



**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા-ઓખા હાઈવે પર ગઈકાલે મંગળવારે એક યુવકનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. જામનગરથી ભીમરાણા તરફ જવા નીકળેલા યુવરાજસિંહ જાડેજા (ઉં.વ. ૧૯) નામના યુવાનનો મૃતદેહ માર્ગ કિનારે શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. મૃતદેહ નજીકથી તેની એક્સેસ મોટરસાયકલ પણ મળી આવતા ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસની કાર્યવાહી શરૂ કરી હતી. યુવકના શરીરે ગંભીર ઇજાના નિશાન જોવા મળતા પ્રાથમિક રીતે અકસ્માતની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે ઘટનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હત્યાની સંભાવનાને પણ નકારી શકાય તેમ નથી.

પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. સાથે જ આસપાસના વિસ્તારોમાંથી માહિતી એકત્રિત કરવાની તેમજ સીસીટીવી ફૂટેજ, મોબાઈલ ડિટેલ્સ અને અન્ય પુરાવાઓના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. આ બનાવને લઈને સ્થાનિક લોકોમાં પણ ભારે

અનુ પાના નં.૨ પર

# મીઠોઇ નજીક રસ્તો ઓળંગતા યુવકનું ઇકોની હડફેટે થયું મોત

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા-જામનગર હાઇવે પર અકસ્માતની વધુ એક ઘટના સામે આવી છે. મીઠોઇ ગામના પાટિયા નજીક ઇકો કારના ચાલકે રસ્તો ઓળંગી રહેલાં ૩૧ વર્ષિય યુવાનને ઠોકરે ચડાવતા યુવાનનું મોત નિપજ્યું હતું. આ બનાવની વિગત અનુસાર મૂળ ઉત્તરપ્રદેશ રાજ્યના વતની અને હાલ જામનગર તાલુકાના સિક્કા ગામે રહેતો પ્રશાંત રામનરશે સવિતા (ઉ.વ.૩૧) નામનો યુવાન ગત તા.૧૮-૫-૨૦૨૬ ના રોજ પ્રશાંત પોતાના મિત્રને મળવા માટે સિક્કાથી મીઠોઇ ગામના પાટિયા પાસે ગયો હતો.

મિત્રને મળ્યાં બાદ પરત ફરતી વેળાએ યુવાન રસ્તો ચાલીને રસ્તો ઓળંગી રહ્યો હતો તે દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલી જીજે-૩૭-એમ-૧૩૨૦ નંબરની ઇકો કારના ચાલકને યુવાનને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પ્રશાંત નામના યુવાનને ગંભીર ઇજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે ખંભાળિયાની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે યુવાનને તપાસી તેનું મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. અકસ્માત સર્જી ઇકો કારનો ચાલક સ્થળ પરથી નાશી ગયો હતો.

અકસ્માતના આ બનાવ અંગે મૃત્તક યુવાનના મોટાભાઇ સુમીતકુમાર રામનરેશ (ઉ.વ.૩૭, રહે.હાલ સી/ઓ ૨૦૩, શિવનરેશ મોરા સુરત)એ પોલીસને જાણ કરતાં મેઘપર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ખંભાળિયની હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ માટે યુવાનના

અનુ પાના નં.૨ પર

# સરકારી ડેન્ટલ કોલેજના ૧.૩૬ કરોડની ઉચાપત મામલે હંગામી કર્મચારી ઝડપાયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ મારફતે દર્દીઓની સારવાર તેમજ આઉટસોર્સ કર્મચારીઓના પગાર સહિતના ખર્ચ માટે સરકાર તરફથી સહાય ફાળવવામાં આવતી હતી. આ સમિતિના નાણાકીય અને વહીવટી કામકાજની જવાબદારી કોન્ટ્રાક્ટ કર્મચારી શોભીત ગર્ગ ને સોંપાઈ હતી. આ આરોપીએ સમિતિના સભ્યોની જાણ બહાર જુદા જુદા ૧૫ ચેકમાં રકમમાં ફેરફાર કરી સરકારી નાણાં પોતાના બેંક ખાતામાં જમા કરાવી દીધા હતા. અંદાજે છ માસના ટૂંકા ગાળામાં રૂ.૧.૩૬ કરોડથી વધુની રકમ ગેરરીતે ઉપાડી વ્યક્તિગત ઉપયોગમાં લીધી હોવાનું સામે આવ્યું છે.

આ મામલે ડેન્ટલ કોલેજના ટ્યુટર ડો. સંજય ઉમરાણીયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પૂરતા પુરાવા મળતાં પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની પૂછપરછ હાથ ધરી છે.

બીજી તરફ, સંસ્થામાં મહત્વની નાણાકીય જવાબદારી કાયમી સ્ટાફના બદલે કોન્ટ્રાક્ટ કર્મચારીને સોંપવામાં આવી

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com